PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmai l.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૧૦/કવા–૦૩/૧૭–૧૮/ ૧૧૫૦ તા. 23-11-17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
પ્રાણનાથ ટેકનોકાસ્ટ,
ઢેબર રોડ સાઉથ– અટીકા
૧–ન્યુ પરમેશ્વર સોસાયટી
ગાયત્રી મશીન ટુલ્સ ની સામે,
રાજકોટ
મો: ૯૯૦૯૭ ૦૬૬૮૮

વિષય :–વિજ વિક્ષેપ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. નીલ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૧૦/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૧૦/કવા–૦૩/૧૭–૧૮ કમિટી મીટીંગ: તા. ૧૫–૧૧–૧૭ સ્થળ : રાજકોટ

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: પ્રાણનાથ ટેકનોકાસ્ટ, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી મગનભાઈ કાનજીભાઈ સીદપરા હાજર રહેલ હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર (કાર્યપાલક ઈજનેર શ્રી શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

## : હુકમ :

### ફરીયાદ : વિજ વિક્ષેપ બાબત

**મુદદા નં. –૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મોંખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ ધર્મજીવન ફીડર અંતર્ગત પ્રાણનાથ ટેકનોકાસ્ટ નામનુ વીજ જોડાણ ધરાવે છે. તેઓના જોડાણ મા – આશરે છેલ્લા ૦૧ વર્ષ થી પાવર સપ્લાય ની સમસ્યા રહેલ છે. આ બાબતે તેઓએ પીજીવીસીએલ ના સબંધક કચેરી મા વારંવાર ટેલીફોનીક રજુઆત કરેલ છે. પાવર સપ્લાય ના વિક્ષેપ ને કારણે તેઓને ઘણુ જ આર્થિક નુકશાન ભોગવવુ પડે છે. તેમજ અરજદાર શ્રી જણાવેછે કે, તેમના જોડાણ વાળા ફીડર મા ઘણા જ જોડાણો આવેલા હોય, જેથી પાવર સપ્લાય મા વિક્ષેપો પડે છે. અમારા વિસ્તાર ની નજીક મા એક નવુ ફીડર તૈયાર કરવામા આવેલ છે. પરંતુ, તે ફીડર ને ચાલુ કરવામા આવેલ નથી. તેથી અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં. –૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમ્જ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા , અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાન, પીજીવીસીએલ પક્ષકાર જણાવે છે કે – સદર ફરીયાદી અરજદાર નુ ઓર્દ્યોગીક વીજજોડાણ પ્રાણનાથ ટેકનોકાસ્ટ ૧૧ કેવી ધર્મજીવન ફીડર હેઠળ આવેલ છે. જે, સદર ફીડર ૬૬ કેવી વાવડી સબસ્ટેશન માથી નીકળે છે. તા.૦૬–૧૦–૧૭ ના રોજ સદર ફીડર મા સાંજે ૧૮ કલાકે ૨૮૩ એમ્પીયર નોંધાયેલ છે. તેમજ સદર ફીડર ઓવર લોડીગ રહેતો હોવાથી ટ્રાયફરગેશન ની દરખાસ્ત મંજુર કરાયેલ છે. સદર દરખાસ્ત મુજબ – ૧૧ કેવી કોઠારીયા સોલવન્ટ – ૧૧ કેવી સ્ટલીગ ફીડર – જે નવા ૬૬ કેવી કોઠારીયા સોલવન્ટ માથી દરખાસ્ત કરેલ છે. હાલ ના તબ્બકે, ૬૬ કેવી કોઠારીયા સોલવન્ટ સબસ્ટેશન ની ૬૬ કેવી વીજલાઈન નુ રેલ્વે ક્રોસીગ ની મંજુરી જેટકો ને મળેલ છે. તે અંગે ની કામગીરી હાલ મા ચાલુ છે. જે માહે નવમ્બર –૨૦૧૭ સુધીમા પૂર્ણ કરવામા આવશે. ત્યારબાદ, સદર દરખાસ્ત મુજબ – ત્રણેય ફીડરો નવા ૬૬ કેવી કોઠારીયા સોલવન્ટ સબસ્ટેશન માથી ચાર્જ કરવાથી – અરજદાર દ્રારા રજુ કરાયેલ વિજ વિક્ષેપ ની સમસ્યા નુ નિરાકરણ કરવામા આવશે. |

**મુદદા નં. –૩ : : નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમ્જ મૌખીક ચર્ચાઓ અને પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા ન. ૨.૧ મુજબ ની વિગતો મા જણાવ્યા મુજબ – સદર ફરીયાદી અરજદાર ના |

| | |
|---|---|
| | ઔદ્યોગીક વીજજોડાણ પ્રાણનાથ ટેકનોકાસ્ટ ૧૧ કેવી ધર્મજીવન ફીડર હેઠળ આવેલ છે. જે, સદર ફીડર ૬૬ કેવી વાવડી સબસ્ટેશન માથી નીકળે છે. તેમજ સદર ફીડર ઓવર લોડીગ રહેતો હોવાથી વિજ વિક્ષેપો ની ફરીયાદ ના નિરાકરણ માટે પીજીવીસીએલ દ્રારા સદર ફીડર માથી નવા ૬૬ કેવી કોઠારીયા સોલવન્ટ માથી ટ્રાયફરગેશન ( ૧૧ કેવી કોઠારીયા સોલવન્ટ – ૧૧ કેવી સ્ટલીગ ફીડર – ૧૧ કેવી ધર્મજીવન ફીડર) ની દરખાસ્ત મંજુર કરાયેલ છે. સદર દરખાસ્ત મુજબ પીજીવીસીએલ દ્રારા જરૂરી વીજલાઈન નુ કામ પૂર્ણ કરેલ છે, જયારે જેટકો દ્રારા – ૬૬ કેવી વીજલાઈન નુ રેલ્વે ક્રોસીગ ની મંજુરી મળતા – તે અંગે ની કામગીરી હાલ મા ચાલુ છે. જે માહે નવેમ્બર –૨૦૧૭ સુધીમા પૂર્ણ કરવામા આવશે. સદર દરખાસ્ત મુજબ – ત્રણેય ફીડરો નવા ૬૬ કેવી કોઠારીયા સોલવન્ટ સબસ્ટેશન માથી ચાર્જ કર્યા બાદ – **અત્રે ના ફોરમ તેમજ અરજદાર શ્રી ની જાણકારી હેઠળ** અરજદાર દ્રારા રજુ કરાયેલ વિજ વિક્ષેપ ની સમસ્યા નુ નિરાકરણ કરવા બાબતે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| **૪.૧** | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે – સદર ૧૧ કેવી ધર્મજીવન ફીડર માથી ટ્રાયફરગેશન ફીડરો કરવાની દરખાસ્ત મુજબ – ત્રણેય ફીડરો નવા ૬૬ કેવી કોઠારીયા સોલવન્ટ સબસ્ટેશન માથી ચાર્જ કર્યા બાદ – **અત્રે ના ફોરમ તેમજ અરજદાર શ્રી ની જાણકારી હેઠળ** અરજદાર દ્રારા રજુ કરાયેલ વિજ વિક્ષેપ ની સમસ્યા નુ નિરાકરણ કરવા બાબતે નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

**(શ્રીમતી કે.જે.મોટાણી )**
**સ્વતંત્ર સભ્ય**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**ગેરહાજર**
**(એચ.પી.કોઠારી)**
**સભ્ય (ટેક)**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**(ટી.બી.ભીમાણી)**
**ચેરમેન**
**ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ**

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, "નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.